**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૮/૦૭/૨૦૧૧ ને શુક્રવાર ના રોજ સવાર ના ૧૧.૩૦ કલાકે મળેલ ૨૧૨ મી બેઠકની કાર્યવાહી નોંધ**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી,<br>વડોદરા મહાનગર સેવા સદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | સીટી એન્જીયરશ્રી,<br>વડોદરા મહાનગર સેવાસદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | નાણાંકીય સલાહકારશ્રી,<br>શહેરી વિકાસઅને શહેરીગૃહ નિર્માણ વિભાગ<br>સચિવાલય,ગાંધીનગર. | : | એસોસીયેટ સભ્યશ્રી |
| (૫) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૧૯/૦૩/૨૦૧૧ ની ૨૧૧ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા.૧૯/૦૩/૨૦૧૧ ની ૨૧૧ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/ મિટિંગ/૬૬૨/૨૦૧૧, તા.૨૨/૦૩/૨૦૧૧ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા આ બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૫૩):** સત્તામંડળની તા.૧૯/૦૩/૨૦૧૧ ની ૨૧૧ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**<u>મુધ્દા નંબર (૨)</u> : સત્તામંડળની તા. ૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૫૪)</u>:** સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે નવેમ્બર -૨૦૧૦ થી માર્ચ-૨૦૧૧ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે નવેમ્બર -૨૦૧૦ થી માર્ચ-૨૦૧૧ આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૫૫):</u>** સત્તામંડળના માહે નવેમ્બર -૨૦૧૦ થી માર્ચ-૨૦૧૧ ના આવક તથા જાવકના હિસાબો ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૪) સત્તામંડળના સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષ ના વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત**

સત્તામંડળનો સને ૨૦૧૦-૧૧ ના વર્ષના વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબો તૈયાર કરી સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૫૬):</u>** સત્તામંડળના સને ૨૦૧૦-૧૧ ના વર્ષના વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબો ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૫) બીલ ખાતે ટી.પી. સ્કીમના રોડના કામમાં બે નંગ આર.સી.સી.ના સ્ટ્રકચર (કલ્વર્ટ) બનાવવાના વધારાના ખર્ચની મંજુરી બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી ૮.૦ કી.મી. દુર, વડોદરા મહાનગર સેવાસદનની હદ નજીક આવેલ બીલ ગામના ગામતળની ઉત્તરે આવેલ વિસ્તારમાં મુસધ્દારૂપ નગર રચના યોજનાનો વિકાસ કરવાનુ નકકી કરેલ હતુ. જે અન્વયે આસરે ૯૩ હેકટર જમીનમાં મુસધ્દારૂપ નગર રચના યોજના બીલ-૧, જી.વડોદરા બનાવવામાં આવેલ છે. જેને સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવેલ છે. સદર નગર રચના યોજનાનુ અમલીકરણ કરવાનુ નકકી કરવામાં આવતા અને આ વિસ્તારના સઘળા જમીન માલીકો અમલીકરણ માટે રસ ધરાવતા હોય, આ નગર રચના યોજનાનુ અમલીકરણ ચાલુ કરવામાં આવેલ હતુ અને સ્થળે માપણી કરી અંતીમ ખંડોના લેવડ દેવડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. વુડાને મળવાપાત્ર અંતિમ ખંડો તથા રસ્તાઓના કબજાઓ મેળવી લેવાયેલ છે તથા વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૦૩ તા.૫/૦૬/૦૯ ના ઠરાવ ક્રમાંક ૧૯૫૭ માં નકકી થયા મુજબ આ નગર રચના યોજનાના ૧૨ મી. અને તેથી મોટા રસ્તાઓ ૩.૫ મી. પહોળાઈનાં ગેરી ધ્વારા આપવામાં આવેલ ડીઝાઈન મુજબ બનાવવાનુ નકકી થયેલ હતુ. જેમાં આ રસ્તાઓની અંદાજીત લંબાઈ ૫.૫૮ કી.મી. માટે થનાર અંદાજીત ખર્ચ રૂા.૨.૧૫ કરોડને મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ સદર અંદાજોની તાંત્રીક મંજુરી મેળવી ઓનલાઈન ટેન્ડર ઓફરો મંગાવેલ હતી. જેમાં મે. શીવમ કન્સ્ટ્રકશનને ફાઈનલ ટેન્ડરની રકમ રૂા.૧.૯૧ કરોડની કામગીરી સોંપવામાં આવેલ છે. તે મુજબ તેઓ ધ્વારા કામગીરી શરૂ કરેલ છે. પરંતુ સદર ટી.પી. સ્કીમમાં દરેક રોડની પહોંળાઈ ૩.૫ મી. લેવામાં આવેલ હતી અને તેના કારણે રોડમાં ભવિષ્યમાં દબાણ થાય તેવી પરીસ્થતી હતી તથા રોડ નાના હોવાના કારણે મોટા વ્હીકલો સામ સામે આવે તો ગાડીઓ સાઈડ સોલ્ડર ઉપર ઉતારવી પડે જેના કારણે રોડની આવરદા ઘટી થાય તેમ હતી. આ સમગ્ર બાબત ધ્યાને લેતા વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૦૭ તા.૧૧/૦૬/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક ૨૦૧૨ માં નકકી થયા મુજબ ૧૮.૦૦ મી. કે તેથી ઉપરના મુખ્ય રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ૭.૦ મી. પહોળાઈના તથા અન્ય રસ્તાઓ ૫.૦ મી. પહોળાઈના કરવાનુ નકકી થતા અગાઉ કુલ થનાર અંદાજીત ખર્ચ રૂા.૧૯૧.૪૨ લાખની સામે બે નંગ આર.સી.સી.ના સ્ટ્રકચર (કલ્વર્ટ) તથા સેન્ટ્રલ ડીવાઈડર સાથે રૂા.૪૪૭/- લાખના ખર્ચને મંજુર કરવામાં આવેલ હતો અને ઈજારદાર પાસે તે મુજબની કામગીરી શરૂ કરાવેલ હતી. સદર ટી.પી. સ્કીમના રોડ ઉપર વરસાદી કાંસ ઉપર બે નંગ આર.સી.સી.ના સ્ટ્રકચર (કલ્વર્ટ) બનાવવા પડે તેમ હતા. જે અંગે રીવાઈઝડ અંદાજમાં રૂા.૨૦/- લાખનો અંદાજીત ખર્ચ લેવામાં આવેલ. પરંતુ સદર બન્ને સ્ટ્રકચરોની ડીઝાઈન GEO Test House માં કરાવતા તેઓની ડીઝાઈન મુજબ વર્ષ ૨૦૦૮-૦૯ ના એસ.ઓ.આર.ના ભાવોને ગણતરીમાં લઈ અંદાજ કાઢતા રૂા.૩૮.૬૦ લાખનો ખર્ચ થાય છે. સદર બન્ને સ્ટ્રકચરની કામગીરી અગાઉની બોર્ડમાં આપેલ મંજુરી મુજબ ચોમાસાની રૂતુને ધ્યાને લઈ મે. શીવમ કન્સ્ટ્રકશનને સોંપવામાં આવેલ છે. અને તે મુજબ કામગીરી હાલ પ્રગતિમાં છે. સદર કામમાં કાંસની બન્ને બાજુ આવતા ફાઈનલ પ્લોટોને એપ્રોચ આપવા માટે ત્રણ-ત્રણ મીટરનો કાર્પેટ રોડ બનાવવાનુ નકકી થયેલ હતુ. પરંતુ સદર કાંસમાંથી ચોમાસા દરમ્યાન ખૂબજ વધારે પડતુ પાણી વહેતુ હોવાથી રીટેનીંગ વોલ બનાવ્યા વગર રોડ બનાવવાથી રોડ ધોવાઈ જાય તેમ હોવાના કારણે તે રોડ બનાવવાનુ હાલ મોકુફ રાખવામાં આવેલ છે. બે નંગ સ્ટ્રકચરો (કલ્વર્ટ)ની

ડીઝાઈનના કારણે અગાઉની બોર્ડમાં આપેલ મંજુરી પ્રમાણે રૂા.૨૦/- લાખની સામે રૂા.૩૮.૬૦ લાખનો ખર્ચ થાય તેમ હોવાથી તે અંગે થનાર વધારાનો ખર્ચ રૂા.૧૮.૬૦ લાખની મંજુરી અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ચર્ચા વિચારણા કરવામાં આવી.

**ચર્ચા વિચારણા** : બીલ ખાતે ટી.પી. સ્કીમ નં. ૧ માંથી વરસાદી કાંસ પસાર થાય છે. જેમાં ગોરવા, ઉંડેરા, ભાયલી વિગેરે સ્થળોએથી તથા વડોદરા શહેર વિસ્તારનુ વરસાદી પાણી સદર કાંસમાંથી પાસર થાય છે. જે અંગે વડોદરા મહાનગર સેવાસદનને પાકો કાંસ બનાવવા દરખાસ્ત કરેલ પરંતુ તેઓ ધ્વારા આ બાબતે કોઈ કાર્યવાહી કરેલ ન હતી. આ સંજોગોમાં સદર કાંસ ઉપર રોડની કનેકટીવિટી માટે બે આખા આર.સી.સી.ના સ્ટ્રકચર બનાવવા માટે જી.ઓ. ટેસ્ટ હાઉસ પાસે ડીઝાઈન કરાવેલ હતી. જેના કારણે અગાઉની બોર્ડમાં આપેલ મંજુરી પ્રમાણે રૂા.૨૦/- લાખની સામે રૂા.૩૮.૬૦ લાખનો ખર્ચ થાય તેમ હતો. જે અંગે બોર્ડ સભ્યશ્રીઓ ધ્વારા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૫૭)** : વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૦૭ તા.૧૧/૬/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક ૨૦૧૨ માં બીલ ટી.પી. સ્કીમનો ખર્ચ રૂા.૭૪૭/- લાખ મંજુર કરવામાં આવેલ હતો. જેમાં બે સ્ટ્રકચર પેટે રૂા.૨૦/- લાખ અંદાજીત લેવામાં આવેલ હતા. તેમાં ખરેખર ડીઝાઈન મુજબ રૂા.૩૮.૬૦ લાખનો ખર્ચ થાય તેમ હોવાથી વધારાના ખર્ચ રૂા.૧૮.૬૦ લાખને તથા સદર કામગીરી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ મે. શીવમ કન્સ્ટ્રકશન પાસે કરાવવાનુ નકકી થયેલ તે બન્ને બાબતોને સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યુ. આ ઉપરાંત વરસાદની કાંસની બન્ને તરફ ફા.પ્લોટોના એપ્રોચ માટે ૩ મી. નો કાર્પેટ રોડ બનાવવાનુ નકકી થયેલ પરંતુ ચોમાસા દરમ્યાન કાંસમાંથી વધારે પડતુ પાણી વહેતુ હોવાથી રીટેનીંગ વોલ બનાવ્યા વગર રોડ બનાવવાથી રોડ ધોવાય જાય તેમ હોય, તે રોડ બનાવવા બીજો કોઈ વિકલ્પ ન મળે ત્યાંસુધી મોકુફ રાખવામાં આવ્યુ. ઉપરોકત બાબતો અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદદા નંબર (૬) : સેવાસી ખાતે નગર રચના યોજના - ૧ ના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી દુર, વડોદરા મહાનગર સેવાસદનની હદને અડીને આવેલ મુસધ્દારૂપ નગર રચના યોજના સેવાસી ટી.પી. સ્કીમ નં - ૧ આશરે ૮૫ હેકટર જેટલુ ક્ષેત્રફળ ધરાવે છે. સદર નગર રચના યોજના-૧ ને સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવેલ છે. સદર નગર રચના યોજનાનુ અમલીકરણ કરવાનુ નકકી કરવામાં આવતાં, આ વિસ્તારના સઘળા જમીન માલીકો/બિલ્ડરોની એક મીટીંગનુ આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં હાજર સર્વ જમીન માલીકોએ અમલીકરણ માટે રસ ધરાવતા, આ નગર રચના યોજનાનુ અમલીકરણ ચાલુ કરવામાં આવેલ છે અને સ્થળે માપણી કરી ટી.પી. સ્કીમના મોટાભાગના રોડનો કબજો વુડા ધ્વારા મેળવી લેવામાં આવેલ છે. વુડાને મળવાપાત્ર અંતિમ ખંડો તથા રસ્તાઓના કબજાઓ મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

સેવાસી ટી.પી. સ્કીમમાં વુડાને ફાળવવામાં આવેલ વેચાણ પાત્ર રહેણાંક તથા વાણીજયના પ્લોટના વેચાણથી અંદાજે રૂા.૬૦/- કરોડ રૂપીયા મળે તેમ છે. આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી. સ્કીમમાં થનાર ખર્ચના ૭૫% રકમ ગ્રાન્ટ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે. આ સંજોગોમાં ટી.પી. સ્કીમોના રોડનુ સુંદર આયોજન કરી વધુ લોકઉપયોગી થાય તે મુજબ બનાવવાનુ નકકી કરેલ હોય. ૨૪ મી. તથા ૩૦ મી. ના મુખ્ય રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનુ આયોજન કરેલ છે. જયારે અન્ય રોડો પણ ૫.૫૦ મી. કે તેથી વધુ પહોળાઈના કાર્પેટ રોડ બનાવવાનુ આયોજન કરવામાં આવેલ છે. સદર ટી.પી. સ્કીમમાં આયોજીત રોડની ડીઝાઈન (ક્રસ થીકનેશ) નકકી કરવા GERI પાસે ડીઝાઈન કરાવવા અરજી કરતા, તેઓ ધ્વારા દર્શાવેલ સ્થળોએથી માટીના નમુના લઈ GERI માં જમા કરાવતા તેઓ ધ્વારા તેનુ જરૂરી ટેસ્ટીંગ કરી રોડની ક્રસ થીકનેશ કેટલી રાખવી તેનો રીપોર્ટ અત્રેની કચેરીને આપેલ હતો. તેના આધારે રોડની ડીઝાઈન ફાઈનલ કરી તેના અંદાજો માર્ગ અને મકાન વિભાગના વર્ષ ૨૦૦૮-૦૯ ના એસ.ઓ.આર. ના ભાવો તથા વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા હાલમાં મંજુર કરેલ ભાવો ગણતરીમાં લઈ બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત વરસાદી કાંસ જે અંકોડીયા ઉંડેરા તરફથી આવે છે તેનુ પાણી એફ.પી.ન.૧૬,૧૭ તથા ૧૮ માંથી જાય છે. તે ફા. પ્લોટો અન્યને ફાળવેલ હોવાથી વરસાદી કાંસને ૩૦ મી.ના રોડ ઉપરથી ડાયવર્ટ કરી ૧૮ મી. ના રોડ પાસે ગામના હયાત તળાવમાં ડાયવર્ટ કરતા વરસાદી કાંસનુ આયોજન કરી, તેનોપણ અંદાજ ગણતરીમાં લેવામાં આવેલ છે. આમ સેવાસી ખાતે સદર ટી.પી. સ્કીમમાં હાલના તબકકે ટી.પી. સ્કીમના તમામ રોડની કામગીરી કુલ ૭૧૮૦ મી. ની લંબાઈ માટેનો અંદાજીત ખર્ચ નીચે મુજબ થાય તેમ છે.

| | |
|---|---|
| ૧) નગર રચના યોજનાના ટી.પી. સ્કીમના તમામ રોડ જેમાં<br>૨૪ મી. તથા ૩૦ મી.ના રોડ સેન્ટ્રલ ડીવાઈડર સાથે<br>૫.૫૦ મીના ડબલ ટ્રેકનો કરવા સાથેનો અંદાજીત ખર્ચ | રૂા.૭૬૫.૮૨લાખ |
| ૨) ૩૦ મી.ના મુખ્ય રસ્તાથી એફ.પી. ૧૬,૧૭ તથા ૧૮ ની બાજુમાં<br>આવેલ ૧૮ મી. ના રોડ થી તળાવ સુધી કાંસ બનાવવાનો અંદાજીત ખર્ચ | રૂા. ૬૪.૯૭ લાખ |
| | રૂા.૮૩૦.૭૯ લાખ |

ઉપરોકત વિગતે સેવાસી ટી.પી. સ્કીમના દરેકે દરેક રસ્તા આવરી લેવામાં આવેલ છે તથા વરસાદી કાંસને તળાવમાં ડાયવર્ટ કરવા સાથે કુલ રૂા.૮૩૦.૭૯ લાખનો ખર્ચ થાય તેમ છે. આમ સેવાસી ખાતેની મંજુર થયેલ ટી.પી. સ્કીમ નં -૧ ના અમલીકરણના ભાગરૂપે કાર્પેટ રસ્તાઓ બનાવવાની કામગીરી કરાવવા બાબતનો તથા તે અંગે થનાર ખર્ચ બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૫૮) :** સરકારશ્રી ધ્વારા મંજુર કરેલ સેવાસી નગર રચના યોજના-૧ ના તમામ રોડ તથા ૩૦ મી. ના મુખ્ય રસ્તાથી એફ.પી. ૧૬, એફ.પી. ૧૭ તથા એફ.પી. ૧૮ ની બાજુમાં આવેલ ૧૮ મી. ના રોડથી તળાવ સુધી કાંસ બનાવવા સાથેના કામને તથા તેનો અંદાજીત ખર્ચ રૂા.૮૩૦.૭૯ લાખ ને સર્વાનુ મતે મંજુરી આપવામાં આવી તથા આ આંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૭) : ઓટોડીસીઆર સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં વિકાસ પરવાનગી માટે રજુ થતા લે-આઉટ તથા બિલ્ડીંગ પ્લાન ઓટોડીસીઆરથી મંજુર કરવા વુડાની વિકાસ યોજનાના જીડીસીઆરને અનુરૂપ સોફ્ટવેર તૈયાર કરાવી ઈન્સ્ટોલ કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડની ૨૦૨ મી બેઠકમાં રજુ થયેલ હતો જેમાં ઠરાવ ક્રમાંક ૧૯૩૮ થી વુડાની મુસધ્દારૂપ ધ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના તથા તેતે સંલગ્ન જીડીસીઆર સકરારશ્રી ધ્વારા મંજુર ન થાય ત્યાં સુધી મુધ્દો મુલત્વી રાખવા ઠરાવેલ હતું વુડાની મુસધ્દારૂપ ધ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં સરકારશ્રી ધ્વારા કાયદાની કલમ-૧૭(૧) હેઠળ સુધારા કરી પ્રાથમિક જાહેરનામું તા.૦૮/૦૯/૨૦૧૦ ના રોજ પ્રસિધ્ધ કરેલ છે. જે મંજુરીના આખરી તબકકામાં મુસધ્દારૂપ ધ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજના મંજુર થઇ અમલમાં આવે તે અગાઉ મુસધ્દારૂપ ધ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનાના જીડીસીઆર ને અનુરૂપ ઓટોડીસીઆરનું સોફ્ટવેર તૈયાર કરાવવામાં આવે તો આવનાર નવા જીડીસીઆર પરત્વે વિકાસ પરવાનગીઓ આપવામાં સરળતા ઉભી થાય.આથી ઓટોડીસીઆરનું સોફ્ટવેર તૈયાર કરાવવા સોપ્રથમ ટેન્ડર પ્રક્રિયાથી એજન્સી નકકી કરવા અંગેની કાર્યવાહી માટે વુડા બોર્ડ સભ્યોસમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા તમામ બોર્ડ સભ્યશ્રીઓ દ્વારા ઓટોડીસીઆર સોફ્ટવેરને કારણે વિકાસ પરવાનગીઓની ચકાસણીમાં ઘણી સરળતા થાય તેમ હોઇ વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પૂનરાવર્તિત વિકાસ યોજના મંજુર થઇ અમલમાં આવે ત્યાં સુધીમાં તેને સંલગ્ન જી.ડી.સી.આર. મુજબ ઓટોડીસીઆરનુ સોફ્ટવેર તૈયાર કરાવવા અંગે ટેન્ડર પ્રક્રિયાથી ભાવો મંગાવી એજન્સી નકકી કરવામાં આવે તો શરૂઆતથી જ ઓટોડીસીઆરનો ઉપયોગ ચાલુ થઇ શકે તેમ છે. આથી ઓટોડીસીઆરનુ સોફ્ટવેર તૈયાર કરાવવા ટેન્ડર પ્રક્રિયાથી ભાવો મંગાવવા માટે સર્વ બોર્ડ સભ્યોશ્રીઓએ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ્યુ.

<u>ઠરાવ ક્રમાક (૨૦૫૯)</u> : મુસધ્દારૂપ દ્વિતિય પૂનરાવર્તિત વિકાસ યોજનાના જી.ડી.સી.આર.ને અનુરૂપ ઓટોડીસીઆરનુ સોફ્ટવેર તૈયાર કરાવવા અંગે ટેન્ડર પ્રક્રિયાથી ભાવો મંગાવવા તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહી માટે સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

મુધ્દા નંબર( ૮ ) : ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૨૨ ની પેટા કલમ(૧) હેઠળ સરકારશ્રી દ્વારા થયેલ "હોટલ વિનિયમો-૨૦૧૧" તથા "હોસ્પીટલ વિનિયમો-૨૦૧૧" અંગેના હુકમની જોગવાઇઓ વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા બાબત.

ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા કાયદાની કલમ-૧૨૨ (૧) હેઠળ મળેલ સત્તાની રૂએ (૧) તા.૨૫-૦૪-૨૦૧૧ ના હુકમ ક્રમાંક : ૫રચ-૧૦૨૦૧૦-૪૯૯૦-લ થી હોસ્પીટલ માટેના વિનીયમો નકકી કરેલ અને (૨) તા.૨૫-૦૪-૨૦૧૧ ના હુકમ ક્રમાંક : ૫રચ-૧૦૨૦૦૯-૬૦૦૨-લ થી હોટલ માટેના વિનીયમો નકકી કરેલ છે તથા સદરહુ હુકમોમાં થયેલ જોગવાઇઓનો અમલ કરવા તથા પ્રવર્તમાન જી.ડી.સી.આર. માં સમાવેશ કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ ની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા જણાવેલ છે. વુડા વિસ્તારની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના તથા તેને સંલગ્ન જી.ડી.સી.આર. હાલ સરકારશ્રીની મંજુરી હેઠળ હોવાથી કાયદાની કલમ-૧૯ હેઠળની દરખાસ્ત કરવાની થાય નહી પરંતુ સરકારશ્રીની મંજુરી અર્થે પાઠવેલ મુસધ્દારૂપ જી.ડી.સી.આરમાં આ બન્ને હુકમો મુજબની જોગવાઇઓ આમેજ કરવા સરકારશ્રીને દરખાસ્ત પાઠવવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા સરકારશ્રી દ્વારા થયેલ "હોટલ વિનીયમો-૨૦૧૧" તથા "હોસ્પીટલ વિનીયમો-૨૦૧૧" ની જોગવાઇમાંથી તમામ બોર્ડ સભ્યશ્રીએ સવગત કરાવવામાં આવ્યા તથા આ વિનિયમો વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પૂનરાવર્તિત વિકાસ યોજનાને સંલગ્ન જી.ડી.સી.આર.માં આમેજ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા સર્વ સભ્યોશ્રીની સર્વસંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાક (૨૦૬૦) :</u> ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૨૨ ની પેટા કલમ (૧) હેઠળ સરકારશ્રી દ્વારા થયેલ "હોટલ વિનીયમો-૨૦૧૧" તથા "હોસ્પીટલ વિનીયમો-૨૦૧૧" અંગેના હુકમોની જોગવાઇઓ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ વુડાની મુસધ્દારૂપ જી.ડી.સી.આરમાં આમેજ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા તથા આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહી માટે સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**